CAREERINDIA

**PART-IV**

**LANGUAGE-I**

**GUJARATI**

| સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |
|---|

**નીચેનો ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. 91 થી 99)**

ગુજરાતની લોકકલાનાં પ્રાથમિક સંકેત ધોળકા તાલુકામાં લોથલ ટીંબામાંથી મળે છે. આ ટીંબાનાં ઉત્ખનનમાંથી પકવેલી માટીનાં વાસણો અને પુષ્કળ ઠીકરાં મળ્યાં. તેના પર કુંભકારે ચીતરેલાં શોભાંકનો તત્કાલીન લોકકલાની સાક્ષી પૂરે છે. લોથલમાંથી કોઈ અખંડ ઈમારત કે દીવાલ મળી નથી. તેથી એ કાળે ભીંત પર ચિત્રાંકન થતાં કે નહિ તે જાણી શકાયું નથી. પણ માટીપાત્રો પર અંકિત ચિતરામણ જોતાં લાગે છે કે એ કાળે તળપદ લોકકલાનો ઘણો વિકાસ થયો હશે. તેથી કહી શકીએ કે લોથલ ચિત્રપરિપાટી ગુજરાતની લોકકલાની જનેતા છે. સાંસ્કૃતિક વારસો એટલે માનવસર્જિત વારસો. માનવીએ પોતાની બુદ્ધિશક્તિ, આવડત, કલા-કૌશલ્ય દ્વારા જે કાંઈ મેળવ્યું કે સર્જ્યું, તેને સાંસ્કૃતિક વારસો કહેવાય. આપણા સાંસ્કૃતિક વારસામાં રાજમહેલો, ઈમારતો, શિલાલેખો, સ્તૂપો, વિહારો, ચૈત્યો, મંદિરો, મસ્જિદો, મકબરા, ગુંબજો, કિલ્લાઓ, દરવાજાઓ, ઉત્ખનન કરેલા સ્થળો તેમજ ઐતિહાસિક સ્મારકોનો સમાવેશ થાય છે.

પ્રાગઐતિહાસિક ગુફાવાસી માનવોએ પોતાની કલાભાવના વ્યક્ત કરવા હજારો વર્ષ પૂર્વે અંધારી ગુફાઓમાં ચિત્રાંકન કર્યાં છે. આવાં ચિત્રકૂટો ભારતમાં મિરજાપુર, બાંદા, હોશંગાબાદ, પંચમઢી, ભીમબેટકા વગેરે સ્થાનોમાં પણ મળ્યાં છે. ગુજરાતમાં ભાવનગર જિલ્લાના ચમારડી ડુંગરમાળાની ગુફાઓમાંથી પ્રાગકાલીન ચિત્રોના છૂટકતૂટક અવશેષો મળ્યા છે. જેમાં પશુઓની પીઠ તેમજ પૂંછડીની તૂટક રેખાઓ બારીક નજરે જોઈ શકાય છે. ગેરુથી થયેલું આલેખન હવે સાવ ઝાંખું થઈ ગયેલું છે.

લોથલના કુંભકાર સ્ત્રીપુરુષોએ ચિત્રાંકનમાં છોડ અને વૃક્ષો તથા બતક, ગાય, બગલા, મોર, કાગડો, વગેરે જળથળનાં પંખીઓ ઉપરાંત કાનખજૂરા, વીંછી, નાગ, માછલાં જેવા જીવજંતુ અને કાળિયાર, સાબર, બકરો વગેરે આકૃતિઓનું એક રંગમાં ચિત્રણ કર્યું છે. આવા જ પ્રકારના ચિત્રિત પાત્રોના ઠીકરા દેશળપર અને ધોળાવીરામાંથી પણ મળ્યા છે. માટીપાત્ર પરના ચિત્રાંકનની પ્રથા આજે પણ કચ્છના બન્ની, અંજાર, સૌરાષ્ટ્રના મોરબી, શિહોર તથા ભાવનગર અને ભાલપંથકના ગામોમાં છે. જેમાં લોથલકાળના મોટિફની પરંપરા અને રંગાવટી સચવાઈ રહી છે.

ગુપ્તયુગના અસ્ત સાથે ભારતીય કલા અને સંસ્કૃતિનાં વળતાં પાણી થઈ ગયા. ગુજરાતમાં સોલંકી રાજવીઓના ઉદય સાથે અગિયારમી-બારમી સદીમાં જૈન અમાત્યો, આચાર્યો અને શ્રેષ્ઠીઓ ધર્માશ્રયે હસ્તપ્રતો લખાવીને ગ્રંથભંડારોને અર્પણ કરતા હતા.

**91.** બન્ની, શિહોર આદિ સ્થળોએ કઈ કલાકારીગરી અદ્યાપિપર્યંત વિદ્યમાન છે ?

(1) કૃષ્ણપટલ (2) ભીંતચિત્ર (3) માટીપાત્ર (4) મધુબની

**92.** ગુજરાતની લોકકળાનું આદિસ્થાન કે જન્મસ્થળ ક્યુ છે?

(1) કચ્છ (2) ભાલપંથક (3) ભીમબેટકા (4) લોથલ

**93.** 'ઉત્ખનન' નો સમાનાર્થી શબ્દ શોધી કાઢો.

(1) ખોદકામ (2) ઉત્થાન (3) ઉત્કંઠ (4) ઉત્પ્રેક્ષા

**94.** ક્યા પ્રકારના ચિત્રરેખાંકનો અસ્પષ્ટ થઈ ગયા છે ?

(1) હસ્તકલા (2) બહુરંગીય (3) એકરંગીય (4) ગેરુયુક્ત

**95.** ધર્મના આશ્રય થકી શેનું સર્જન કરવામાં આવતું હતું ?

(1) હસ્તપ્રતો (2) રંગકાર્ય (3) ચિત્રકલા (4) માટીકામ

**96.** એકરંગીય ચિત્રકામમાં બહુધા કોનું ચિત્રણ કરવામાં આવ્યું છે ?

(1) પ્રકૃતિચિત્રો (2) દેવીદેવતા (3) પશુપંખીઓ (4) રાજારાણીઓ

www.careerindia.com

CAREERINDIA

**97.** ‘છૂટકતૂટક’ કેવો શબ્દપ્રયોગ છે ?
(1) અન્યોક્તિ (2) અનર્થક (3) નિરર્થક (4) દ્વિરુક્તિ

**98.** સંસ્કૃતિ અને કલા ક્યારે ક્ષીણ થવા લાગી હોવાનું લેખકે નોંધ્યું છે ?
(1) શાસનકાળમાં (2) બ્રિટીશકાળમાં
(3) મધ્યકાળમાં (4) ગુપ્તયુગના અંત સમયે

**99.** ગુહાચિત્રો ક્યા યુગમાં થયા હોવાનું નોંધાયું છે ?
(1) પ્રાગૈતિહાસિક યુગમાં (2) મધ્યકાળમાં (3) બ્રિટીશ યુગમાં (4) સામંત યુગમાં

**નીચે આપેલા કાવ્યને વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનાં સાચા વિકલ્પને પસંદ કરી લખો. (પ્ર. 100 થી. 105)**

“રડો ન મુજ મૃત્યુને ! હરખ માય આ છાતીમાં
ન રે !- કયમ તમેય તો હરખતાં ન હૈયા મહીં ?
વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી;
અને નહિ શું પ્રેમધાર ઊછળી અરે કે રડો ?
હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે ?
અધૂરપ દીઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો ?

તમે શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા
અવાક અસહાય હું હૃદયમાં રુંધી સત્યને
શ્વસ્યાં કરત ભૂતલે ? મરણથી છૂટયો સત્યને
ગળે વિષમ જે હતો કંઈક કાળ ડૂમો ! થયું
સુણો પ્રગટ સત્યઃ વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!
હશે ઈશુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.”

“અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન;
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.”

**100.** ‘સુક્રતુ’ અન્ય ક્યા નામે પ્રસિદ્ધ છે ?
(1) સુધન્વા (2) સૂત્રધાર (3) સોક્રેટિસ (4) સુમન્યુ

**101.** ‘રક્તધારા’ કયો સમાસ થશે ?
(1) દ્વિગુ (2) કર્મધારય (3) ઉપપદ (4) બહુવ્રિહી

**102.** કાવ્યનાયકના મૃત્યુથી સત્ય સાથે શું બન્યું ?
(1) સત્ય ઉજાગર થયું (2) અસત્ય બની ગયું
(3) સમયરૂપી ડૂમો ત્યજાયો (4) સત્ય મૌન થયું

**103.** ‘અક્ષમ્ય’ શબ્દનો સાચો અર્થ શોધો.
(1) અદમ્ય (2) ખમી ન શકાય એવું
(3) સહન ન કરી શકાય એવું (4) માફી ન આપી શકાય એવું

www.careerindia.com

CAREERINDIA

**104.** અહીં કોના મૃત્યુ વિશે વાત થઈ છે ?

(1) વિનોબા (2) જવાહરલાલ (3) ભગતસિંહ (4) ગાંધીજી

**105.** 'કલંક' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

(1) કળા (2) ડાઘ (3) કર્મ (4) ધોરણ

**106.** ક્યુમીનની પરસ્પરાવલંબન થિયરી મુજબ નીચેનામાંથી કઈ બાબતો પરસ્પરાવલંબી છે ?

(1) પ્રથમ અને દ્વિતીય ભાષામાં બુનિયાદી આંતરવ્યક્તિત્વ દક્ષતા

(2) દ્વિતીય ભાષાનું આકલન અને નિષ્પાદન

(3) પ્રથમ અને દ્વિતીય ભાષાની કોગ્નિટિવ એકેડેમિક પ્રોફિશિઅન્સી

(4) દ્વિતીય ભાષામાં લેખન અને વાંચન

**107.** ભાષા અને બોલીઓ સંદર્ભે ભાષાગત રીતે નીચેનામાંથી ક્યુ સાચું છે ?

(1) ભાષા અને બોલી વચ્ચે કોઈ સુવ્યાખ્યાયિત તફાવત ભાષાશાસ્ત્રીય રીતે નથી

(2) ભાષાઓમાં લિખિત સાહિત્ય હોય છે પરંતુ બોલીઓ મૌખિક પરંપરા પર આધારિત છે

(3) ભાષાઓ અને બોલીઓ ભાષાશાસ્ત્રીય રીતે ભિન્ન અને ભૌગોલિક રીતે સમાન છે

(4) ભાષાઓની પોતીકી લિપિ હોય છે જે બોલીઓને નથી હોતી

**108.** વીરાની ઉંમર સાત મહિનાની છે જે હવે વ્યંજન અને સ્વરોનું સંયોજન હોય એવા શબ્દો ઉચ્ચારવાનો પ્રયાસ કરે છે. સંવાદ સાધવા માટે તે શેનો ઉપયોગ કરે છે ?

(1) ભાષાકીય બોલચાલ (2) ધ્વનિ (3) બડબડાટ (4) કિલકિલાટ

**109.** વર્ણાક્ષરો અને કક્કાને બદલે શબ્દો અને વાર્તાઓથી વાચનકૌશલ્યનો પ્રારંભ કરવાની પ્રક્રિયા સંદર્ભે નીચેનામાંથી કઈ બાબત અસંગત છે ?

(1) અલગ-અલગ અક્ષરોને યાદ રાખવામાં શબ્દો કરતાં વધુ મુશ્કેલી પડે છે

(2) વાચનની શરૂઆત કરનાર બાળકો નાના એકમ કરતાં મોટા એકમ પર વધુ ધ્યાન આપી શકે છે

(3) શબ્દોમાં અને પાઠમાં અર્થસભરતા હોય છે જે મૂળાક્ષરોમાં નથી હોતી

(4) શબ્દો અને પાઠ રસપ્રદ હોય છે પણ અક્ષરો નહીં

**110.** નિષ્પાદક શબ્દભંડોળ (પ્રોડક્ટિવ વોકેબ્યુલરી) એટલે શું ?

(1) વાચકો માટે અજાણયા હોય એવા શબ્દો

(2) શબ્દો જે રીતે સંભળાય એમ જ ઓળખાય

(3) આપણી પંક્તિઓ કે લીટીની ઉપરવટ જઈને વાંચી એ ત્યારે જે શબ્દો નોંધાય તે

(4) આપણે લેખન અને વાતચીતમાં જે શબ્દો વાપરીએ તે

**111.** એવું નોંધવામાં આવ્યું છે કે એક ભાષાયી સમુદાયમાં બે ભિન્ન-ભિન્ન સામાજિક-આર્થિક ભાષાજૂથોમાં 'સ'નો ઉચ્ચાર વિવિધ રીતે થાય છે. આ શેનું ઉદાહરણ છે ?

(1) સામાજિક-મનોવૈજ્ઞાનિક વૈવિધ્યનું (2) સામાજિક ભાષાશાસ્ત્રીય વૈવિધ્યનું

(3) વ્યવહારબોધી વિવિધતાનું (4) સામાજિક સાંસ્કૃતિક વૈવિધ્યનું

**112.** પાઠ-ગ્રહણ પદ્ધતિ સંદર્ભે નીચેનામાંથી ક્યુ વિધાન અસંગત છે ?

(1) સ્કીમીંગ અને સ્કેનિંગ બંનેમાં પાઠનું ત્વરિત અને ઉપલક વાચન હોય છે

(2) સ્કીમીંગ એટલે પાઠનું ત્વરિત વાચન અને સ્કેનિંગ એટલે પાઠમાંથી ચોક્કસ માહિતી તારવવી કે શોધવી

(3) સ્કીમીંગ એટલે ઊંડાણયુક્ત વાચન જયારે સ્કેનિંગ એટલે ઉપરછલ્લું વાચન

(4) સ્કીમીંગ વિશ્લેષણમૂલક હોય જયારે સ્કેનિંગ કોઈ એક પ્રશ્નનો ઉત્તર આપવામાં વધુ મદદરૂપ છે

www.careerindia.com

CAREERINDIA

**113.** માતૃભાષા આધારિત બહુભાષાવાદ શેની તરફેણ કરે છે ?
(1) બધાં બાળકો પ્રથમ ભાષા તરીકે હિન્દી ભણે છે
(2) બધાં બાળકોના ભણતરનો પ્રારંભ માતૃભાષામાં કે ગૃહભાષામાં થવો જોઈએ
(3) બધાં બાળકો ભણતરનો પ્રારંભ રાજ્યની રાજભાષાથી કરે છે
(4) બધાં બાળકો ભણતરનો આરંભ અંગ્રેજી માધ્યમમાં અને ગૃહભાષામાં કરે છે

**114.** લેંગ્વેજ એક્વિઝિશન ડિવાઈસ (LAD) ના અભિગમમાં નીચેનામાંથી કઈ બાબત સ્પષ્ટ નથી ?
(1) બાળકોના ભાષાકીય ઈનપુટથી એમનો ભાષાકીય આઉટપુટ (ફલશ્રુતિ) કઈ રીતે વધારે હોય છે તે
(2) બાળકો તેમની પ્રથમ ભાષા કઈ રીતે શીખે તે
(3) ચારપાંચ વર્ષના ટૂંકા ગાળામાં બાળકો કઈ રીતે ભાષા શીખી શકે તે
(4) બાળકો કઈ રીતે આકૃતિપરક (ફિગરેટિવ) ભાષા શીખે તે

**115.** દ્વિતીય ભાષાશિક્ષણ માટેની ગ્રામર ટ્રાન્સલેશન પદ્ધતિમાં નીચેનામાંથી શેનો સમાવેશ નથી થતો ?
(1) ભાષાના કાર્યને બદલે એના માળખા પર વધુ ધ્યાન આપવાનો
(2) પ્રથમ અને દ્વિતીય ભાષાના વ્યાકરણની તુલનાનો
(3) દ્વિતીય ભાષાના વ્યાકરણને શીખવાનો અને એના નિયમોની પ્રેક્ટિસનો
(4) સીધું જ દ્વિતીય ભાષામાં પ્રત્યાયન શરૂ કરીને પછી બંને ભાષાના વ્યાકરણનિયમોની તુલના કરવાનો

**116.** બાળકો બોલતા થાય પછી આજુબાજુની ચીજો, ઘટનાઓ અને વાતાવરણ વિશે પૂછપરછ કરે છે. આ પ્રકિયામાં ભાષાની કઈ વિશેષતા દશ્યમાન થાય છે ?
(1) હ્યુરિસ્ટિક (સંશોધનાત્મક) (2) કલ્પનાશક્તિ
(3) રેગ્યુલેટરી (4) માહિતીકેન્દ્રિતા

**117.** શિક્ષિકાએ પૂછેલા એક પ્રયોગ આધારિત પ્રશ્નની પ્રતિક્રિયા વિદ્યાર્થી ઓએ કેવી રીતે આપી અને એનો ઉત્તર શું વિચારીને આપ્યો એ અંગે જો શિક્ષિકા પૃચ્છા કરે તો એ શેનું ઉદાહરણ છે ?
(1) મેટાસિમિઓટિક્સ (2) મેટાકોગ્નિશન (3) મેટાફર (4) મેટાલિંગ્વલિઝમ

**118.** નીચેનામાંથી કઈ બાબત ક્રાશેનની હાઈપોથિસિસ અને વ્યોગોત્સ્કીના ZPDમાં સમાન છે ?
(1) એફેક્ટિવ ફિલ્ટર હાઈપોથિસિસ (2) ઈનપુટ હાઈપોથિસિસ
(3) મોનિટર હાઈપોથિસિસ (4) નેચરલ ઓર્ડર હાઈપોથિસિસ

**119.** નીચેનામાંથી ક્યુ કૌશલ્ય ગ્રહણશક્તિસભર વાંચનનો સમાવેશ કરતું નથી ?
(1) વાંચી લીધેલા પાઠનો મનમાં જ ઉપસંહાર કરવો
(2) છૂટાંછૂટાં અક્ષરો /કક્કા પર ધ્યાન કેન્દ્રિત કરવું
(3) આગળ ઉપર આવનારી સામગ્રીની પૂર્વાપેક્ષા
(4) પાઠની ઘટના કે વિચારોને ક્રમમાં ગોઠવીને એનું મૂલ્યાંકન કરવું

**120.** માનવભાષાની એવી કઈ વિશેષતા છે જેના દ્વારા માનવ વર્તમાન સ્થળ-સમયમાં હયાત કે અસ્તિત્વમાં ન હોય એવી ચીજો કે વિષય પર વાત કરી શકે છે ?
(1) સ્વાતંત્ર્ય (2) વિસ્થાપન (3) સ્વચ્છંદતા (4) ઢાંચાગત અવલંબન

www.careerindia.com

**131.** ‘પૂર્ણતા પોતે મંથર ગતિએ ચાલે છે’ વાક્યમાં વપરાયેલો અલંકાર વિકલ્પોમાંથી પસંદ કરો.

(1) ઉપમા (2) સજીવારોપણ (3) ઉત્પ્રેક્ષા (4) રૂપક

**132.** માનવકાયા કઈ ચીજોના ત્રિવેણીસંગમ થકી નિર્માયેલી હોવાનું વર્ણવાયું છે?

(1) સદ્‌, તમસ, રજસ (2) રક્ત, પાણી, માંસ

(3) રક્ત, જળ, અસ્થિ (4) હાડકાં, લોહી, મજ્જા

**133.** ‘દંભી’ શબ્દનો વિરોધાભાસી શબ્દ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો.

(1) સુશિક્ષિત (2) દુષ્ટ (3) સજ્જન (4) નિખાલસ

**134.** ‘મંથર’ શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

(1) ધીચે (2) મંથન (3) મંજન (4) મંગલ

**135.** ‘વણકહ્યા જ રહેતા હશે’ વાક્યની વિશેષતા શોધો.

(1) ઉચ્ચાર (2) ભવિષ્યકાળ (3) નિપાતપ્રયોગ (4) ઉદ્‌ગાર

**136.** નીચેનામાંથી કઈ બાબત બાળસાહિત્યમાં આવકાર્ય નથી ?

(1) આકર્ષક ચિત્રો (2) માનવેતર પાત્રો

(3) પ્રગાઢ નૈતિક મૂલ્યો (4) ઘાટા અક્ષરો અને પરિચિત શબ્દો

**137.** બેઝિક ઈન્ટરપર્સનલ કમ્યૂનિકેટિવ સ્કીલ્સને ક્યા નામે ઓળખવામાં આવે છે ?

(1) આંતરભાષા (ઈન્ટરલેંગ્વેજ) (2) હાયર ઓર્ડર લેંગ્વેજ સ્કીલ્સ

(3) એબ્સ્ટ્રેક્શન (અમૂર્તતા) ની ભાષા (4) રોજિંદા જીવનવ્યવહારની ભાષા

**138.** સમાવેશી વર્ગખંડની રચનામાં કઈ બાબત મદદરૂપ નથી થતી ?

(1) કેટલાક વિદ્યાર્થીઓને વર્ગ મોનિટર બનાવવા

(2) જોડી-ગ્રૂપ આદાનપ્રદાન અને પ્રતિપોષણવ્યવસ્થા

(3) ટીમ ટાસ્ક

(4) બહુભાષી અભિગમ સ્વીકારવો

**139.** સ્ટીફન ક્રાશેનની મોનિટર હાઈપોથિસિસ સંદર્ભે નીચેનામાંથી ક્યુ ખોટું છે ?

(1) વિદ્યાર્થી પાસે જો પર્યાપ્ત સમય ને જ્ઞાન હોય તો જ તે મોનિટરીંગ કરી શકે

(2) એનો ઉપયોગ દ્વિતીય ભાષાસંપ્રાપ્તિ સંદર્ભે છે

(3) એ ભાષાસંપ્રાપ્તિ અને શિક્ષણના સંબંધ પર આધારિત છે

(4) જે મેળવવામાં આવ્યું છે તેની મદદથી જે શીખવામાં આવ્યું છે તેના પર દષ્ટિ રાખી શકાય છે

**140.** એક શિક્ષિકા હિંદીભાષી વિદ્યાર્થીઓને દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજી શીખવે છે અને તેમને અંગ્રેજીમાં વાતચીત કરવા માટે સંદર્ભ અને તક ઉપલબ્ધ કરાવે છે પણ વ્યાકરણનિયમો પર ભાર આપતી નથી. તે જે ઉદાહરણો આપે છે તેનો વિદ્યાર્થીઓ વાતચીતમાં ઉપયોગ કરે છે. શિક્ષિકાની મદદથી વિદ્યાર્થીઓ જાતે જ નિયમો શીખી લે છે. શિક્ષિકા ક્યો અભિગમ અપનાવી રહી છે ?

(1) પ્રત્યક્ષ પદ્ધતિ
(2) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ કે અભિગમ
(3) ઓડિઓ-લિંગ્વલ અભિગમ
(4) પ્રત્યાયનકેન્દ્રી અભિગમ

**141.** પાઠના ગ્રહણ અને શબ્દભંડોળ વિકાસમાં નીચેનામાંથી કઈ બાબત કામની નથી ?

(1) ચિત્ર શબ્દકોશ
(2) શબ્દ-નક્શાઓ
(3) મૂળાક્ષર ચાર્ટ
(4) કથાનક આધારિત નક્શા

**142.** બહુભાષાવાદ અને બહુસાંસ્કૃતિકવાદના પ્રસાર માટે ક્યુ સાહિત્યસ્વરૂપ વધુ યોગ્ય ગણાશે ?

(1) કલ્પનોત્થ કથાઓ (2) લોકકથાઓ (3) આત્મકથા (4) વિજ્ઞાનવાર્તા

**143.** નીચેનામાંથી ક્યુ પ્રત્યાયનકેન્દ્રી અભિગમનું લક્ષણ નથી ?

(1) પ્રત્યાયનકેન્દ્રી સક્ષમતાનો વિકાસ

(2) કાર્ય કરતાં વધુ લક્ષ્ય માળખા પર

(3) ભાષાનો પૂર્વાપર સાથેનો ઉપયોગ

(4) સઘન અધ્યયનને બદલે વ્યાકરણના નિયમોને મહત્વ

**144.** જ્યારે પ્રારંભિક તબક્કામાંથી શરૂઆત કરતો વાચક પાઠના કથાનક, સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય વગેરે અંગેના પોતાના સામાન્ય જ્ઞાનનો ઉપયોગ પાઠનો પૂર્વાપર સંદર્ભે સમજવા માટે કરે તેને શું કહેવાય ?

(1) બોટમ ડાઉન એપ્રોચ
(2) ટોપ ડાઉન એપ્રોચ
(3) ટોપ અપ એપ્રોચ
(4) બોટમ અપ એપ્રોચ

CAREERINDIA

**145.** બે મુખ્ય મૂલ્યાંકન પ્રકાર સંદર્ભે નીચેનામાંથી ક્યુ વિધાન સાચું છે ?

(1) શિક્ષણના તબક્કા પહેલા અને સાથે જ સમાટિવ એસેસમેન્ટ થતું રહે છે

(2) શિક્ષણના કાર્ય કરતાં એના માળખા (ફોર્મ) પર ફોર્મેટિવ એસેસમેન્ટ વધુ ધ્યાન આપે છે.

(3) સમાટિવ એસેસમેન્ટ એટલે સમગ્ર વર્ષ દરમ્યાનના મૂલ્યાંકનના તમામ પ્રકારોનો સરવાળો

(4) સમગ્ર શિક્ષણ પ્રક્રિયા દરમ્યાન ફોર્માટિવ એસેસમેન્ટ સાતત્ય સાથે ચાલુ રહે છે

**146.** શિક્ષણમાં રહી જતી ઉણાપોનું ક્ષતિ-વિશ્લેષણ અનિવાર્ય છે કારણ કે :

(1) ભૂલો દ્વારા અભિરુચિવિકાસ અને પ્રેરણા મળી શકે

(2) મોટા ભાગની ક્ષતિઓ વિદ્યાર્થીઓના બિનગંભીર અભિગમથી સર્જાલી હોય છે

(3) વિદ્યાર્થીઓના તબક્કાની અને મનની બારી એટલે જ ભૂલો થવી તે

(4) ભૂલો એટલે વિદ્યાર્થીઓમાં સમજણશક્તિનો અભાવ

**147.** નીચેનામાંથી કઈ બાબત મૂલ્યાંકન સંદર્ભે ખોટી છે ?

(1) મૂલ્યાંકન ફક્ત શિક્ષક જ કરી શકે

(2) એનાથી બાળકના સમગ્ર વિકાસનો આદર્શ ચિતાર મળે છે

(3) વિદ્યાર્થીના પ્રદર્શન માટે નો એ મજબૂત પુરાવો છે

(4) એનાથી વિદ્યાર્થીની વિકાસગતિ મૂલવી શકાય

**148.** નીચેનામાંથી ક્યુ ક્ષેત્ર શિક્ષણનું મહત્વનું ક્ષેત્ર ગણાતું નથી ?

(1) સાઈકોમોટર (2) કોગ્નિટિવ (3) સામાજિક-સાંસ્કૃતિક (4) અફેક્ટિવ

**149.** નીચેનામાંથી ક્યુ ફોર્માટિવ એસેસમેન્ટનું ઉદાહરણ નથી ?

(1) નાની કસોટીથી માંડીને સૂક્ષ્મ સમીક્ષા (પીઅર રિવ્યુ) સુધીની તમામ મૂલ્યાંકન પદ્ધતિઓ

(2) સમગ્ર સત્ર દરમ્યાન લિખિત ટાસ્ક, રોલ-પ્લે વગેરેની શ્રેણી

(3) સત્રાંતે ટર્મ-પેપર

(4) સમગ્ર સમય દરમ્યાન આકલનલક્ષી લિખિત કસોટી અને અન્ય છૂટક ટાસ્ક

**150.** 'પ' ની જગ્યાએ 'બ' લખવો/વાંચવો અને છ ની જગ્યાએ નવ વાંચવો/લખવો એ કેવી ઉણપ ધરાવતા બાળકોમાં સામાન્ય છે?

(1) ડિસલેક્સિઆ (2) તોતડાપણું (3) એફેઝિઆ (4) એનોમિઆ

- o O o -

www.careerindia.com

